# કૃષિ ઈજનેરી પોલીટેકનીક, આકૃયુ, દાહોદ ખાતે વણભોરી પ્રાથમિક શાળા અને ઝાલોદ રોડ કુમાર પ્રાથમિક શાળા દાહોદના વિદ્યાર્થીઓની મુલાકાત

આણંદ કૃષિ યુનિવર્સિટીની, કૃષિ ઈજનેરી પોલીટેકનીક દાહોદ ખાતે વણભોરી પ્રાથમિક શાળા (૧૮૦ વિદ્યાર્થી) અને ઝાલોદ રોડ કુમાર પ્રાથમિક શાળા (૯૦ વિદ્યાર્થી) દાહોદના ધો.૬ થી ૮ના કુલ ૨૭૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તેમજ ૮ શિક્ષકોએ તા.૧૩/૦૨/૨૦૨૫ના રોજ મુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત અત્રેની કોલેજના આચાર્યશ્રી ડો. એચ.એલ.કાચાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની અત્રેની કોલેજના સોઈલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનીયરીંગ વિભાગ, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનીયરીંગ વિભાગ, રીન્યુએબલ એનર્જી એન્જીનીયરીંગ વિભાગ, ફાર્મ મશીનરી એન્ડ પાવર એન્જીનીયરીંગ વિભાગ, બેસિક સાયન્સ તેમજ વર્કશોપની મુલાકાત લીધેલ હતી. જેમાં વિભાગની વિવિધ લેબોરેટરી, સોઈલ  કન્ઝર્વેશનના જુદા-જુદા મોડેલ/સ્ટ્રક્ચર, ડ્રીપ ઈરીગેશનને લગતી અદ્યતન મશીનરી/સાધનો, રીન્યુએબલ એનર્જી વિભાગને લગતી વિવિધ માહિતી, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનીયરીંગને લગતી મશીનરી/ સાધનોની કામગીરી અને સુવિધાઓથી તેમજ કોલેજની પ્રવેશ પ્રક્રિયા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવેલ હતા. સદર મુલાકાત દરમ્યાન અત્રેની કોલેજના તમામ અધિકારી અને કર્મચારીઓએ વિદ્યાર્થીઓની કોલેજની મુલાકાત માટે સરાહનીય યોગદાન આપેલ હતુ.આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીને કૃષિ ઈજનેરી પર ચર્ચા કરેલ હતી. સદર મુલાકાતનું સંચાલન ડો એચ એલ કાચા, પ્રોફે. સચિન એસ ચિંચોરકર, ડો ફરીદ જી. સૈયદ તેમજ ઈજ. ડી એમ પરડવા. ઈજ. જાસ્મીન ભીમાની, ઈજ. મહાદેવ ખરડીવાર, શ્રી. બી પી. સોલંકી અને તમામ ટેકનીકલ સ્ટાફ દ્વારા  લેબની માહિતી આપવામાં આવી.










